# દેડકાનો જન્મ

— યશવન્ત મહેતા

આપણી આસપાસ અનેક પ્રાણી–પંખીઓ જોવા મળે છે. એ બધાં કુદરતી વિકાસના ભાગરૂપે કેવી રીતે પેદા થયાં તે આપણે જાણીએ છીએ. પણ હજારો વરસ અગાઉના આપણા બાપદાદાને વિજ્ઞાનનું જ્ઞાન ઘણું ઓછું હતું. તેઓ બધી કુદરતી રચનાઓના જન્મ વિશે વિવિધ વાર્તાઓ કલ્પી



કાઢતા. સૂર્ય ચંદ્રથી માંડીને કીડી–મકોડા સુધીના પદાર્થો અને જીવોના જન્મને લગતી કશીક ને કશીક વાર્તાઓ આપણા વડવાઓ કહેતા. ગ્રીસ દેશમાં દેડકાના જન્મ માટે જે કથા કહેવાતી હતી તે વાંચીએ.

એક દેવી હતાં.

લાટોના દેવી એમનું નામ.

એમને બે બાળકો હતાં. એમનાં નામ એપોલો અને ડાયના. એપોલો મોટો થઈને સૂરજદેવ બનવાનો હતો અને ડાયના મોટી થઈને ચંદ્રદેવી બનવાની હતી. પરંતુ નાનપણમાં એક વાર એ ત્રણેય મુસીબતમાં મુકાઈ ગયાં હતાં. ત્રણેય જણાં જીવ બચાવવા નાસતાં હતાં.

કારણ ?

કારણ કે સ્વર્ગની મહારાણી હીરા એમના પર ગુસ્સે થઈ હતી. તે એમને મારી નાખવા માગતી હતી. આથી લાટોનાદેવી પોતાનાં બંને બાળકોને ખભે ઊંચકીને ભાગતાં હતાં.

ઉનાળાનો દિવસ હતો. ધોમ ધખતો તાપ હતો. માએ કે બાળકોએ સવારથી કશું ખાધું નહોતું. અરે, પાણી સુધ્ધાં પીધું નહોતું.

એટલામાં દેવીને એક તળાવડી દેખાઈ. તળાવડીમાં સુંદર પોયણાં ઊગ્યાં હતાં થોડાક ખેડૂતો તળાવડીમાં ઊતર્યા હતા અને પાણીમાં ઊગેલા ઘીતેલાં અને શીંગોડાં વીણી રહ્યા હતા.

દેવી હાશ કરતાં તળાવડીને કાંઠે ઊભાં રહ્યાં. ખભેથી દીકરા–દીકરીને ઉતાર્યાં અને તળાવડીને કાંઠે બેઠાં. એ ખોબો ભરીને પાણી લઈને દીકરા–દીકરીને પિવડાવવા જતાં હતાં ત્યાં જ પેલા ખેડૂતોએ દેવીના હાથને ઝાપટ મારી ખોબામાંનું પાણી ઢોળાવી નાખ્યું.

દેવી નવાઈ પામ્યાં. ''અરે ભાઈ, તમે મને પાણી કેમ નથી લેવા દેતા ? કુદરતે પાણી અને હવા અને સૂરજનું અજવાળું તો સૌને માટે બનાવ્યાં છે. એ કોઈની માલિકીની ચીજો નથી.''

પણ આ ખેડૂતો સાવ નિર્દય હતા. દેવીને એમણે પાણી ન જ લેવા દીધું. દેવીએ ઘણી કાકલૂદી કરી. પોતે થાકી ગયાં છે એમ કહ્યું. પોતાનાં બાળકો પર દયા કરવાની ભીખ માગી. પણ એ જેમ જેમ આજીજી કરતાં રહ્યાં તેમ તેમ પેલા ખેડૂતોનો ઘમંડ વધતો રહ્યો. છેલ્લે છેલ્લે તો એમણે તળાવડીનો કાદવ ખૂંદી ખૂંદીને પાણી જ ગંદું કરી નાખ્યું. પાણી એટલું બધું ગંદું બની ગયું કે દેવી એ પી જ ન શકે.

હવે દેવી ગુસ્સે થઈ ગયાં. એમણે આકાશ ભણી હાથ કરીને કહ્યું, ''પાણી તમને બહુ વહાલું છે ને ? તો હવે તમે સદાય પાણીમાં જ રહેજો. જે કાદવથી તમે આ પાણી બગાડ્યું છે એ કાદવ જ ખાજો. જે ઘીતેલાં અને શીંગોડાં તમે અહીં શોધી રહ્યા છો એમના જેવો જ ખરબચડો તમારે દેહ બનજો. અને ઉનાળાના દિવસોમાં પાણી માટે રડયા કરજો !''

થોડીક વારમાં તો જાદુ થઈ ગયો. ખેડૂતો બધા ઘીતેલાં અને શીંગોડાં જેવા કદરૂપા બની ગયા અને જઈને પાણીમાં પડયા.

આ બધા દેડકા કહેવાયા.

હજુ આજે પણ ગ્રીક લોકો માને છે કે જે લોકો મુસાફરોને પાણી ન આપે તે દેડકા બની જાય છે !

■